દિવ્ય ભાસ્કર 6 અમદાવાદ, મંગળવાર
૧૭ મે ૨૦૧૧

# સાલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે મફત સારવાર

**કેસપેપરથી માંડીને દર્દીને હોસ્પિટલમાં સારવારનો કોઇ ખર્ચ ચૂકવવો પડશે નહિ**

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

ગરીબ અને મધ્યમવર્ગના દર્દી માત્ર સરકારી હોસ્પિટલમાં જ મફત સારવાર મેળવી શકે છે. પરંતુ, આશ્ચર્યની વાત એ છે કે, શહેરની કેસર સાલ હોસ્પિટલમાં ઉચ્ચકક્ષાની સારવાર મેળવવા છતાં ૨૫ જેટલા રોગનું નિદાન અને સારવાર નિ:શુલ્ક કરાય છે, જે અંગે ઘણા ઓછા લોકો માહિતગાર છે.

આ અંગે સાલ અને કેસર સાલના ચેરમેન રાજેન્દ્ર શાહ અને સાલ હોસ્પિટલના મેડિકલ ડાયરેક્ટર ડો. નીતિન શાહે જણાવ્યું હતું કે, સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગરૂપે અમે કેસર સાલ હોસ્પિટલમાં ૨૫ જેટલાં સ્પેશિયાલિટી રોગની સારવાર એક પણ રૂપિયો લીધા વગર કરાય છે.

મહત્ત્વની વાત એ છે કે, કેસર સાલમાં મેડિસિન, પ્રસૂતિ, ટાઇફોઇડ, ઓર્થોપેડિક, પીડિયાટ્રિક અને ગાયનેક જેવા રોગોના દર્દી હોસ્પિટલમાં આવે ત્યારથી કેસ પેપરથી લઇને ઇન્ડોર પેશન્ટ તરીકે સારવાર લઇને ઘરે જાય ત્યાં સુધી કોઇ ચાર્જ લેવાતો નથી. સાલ હોસ્પિટલના સિનિયર પીઆર ઉમા બક્ષીએ જણાવ્યું હતું કે, કોઇપણ દર્દી સારવાર માટે સીધો કેસર સાલનો અથવા તો સાલ હોસ્પિટલમાં અમારો સંપર્ક કરી શકે છે. તેમજ ઉચ્ચકક્ષાની સારવાર મેળવીને સ્વસ્થ બની શકે છે.